**ક્રમાંક–૨**

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**ચૌદમી ગુજરાત વિધાનસભા**
**છઠ્ઠું સત્ર**
**બુધવાર, તા.૨૬મી ફેબ્રુઆરી, ૨૦૨૦**
**માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ બપોરના ૧૨.૦૦ વાગ્યે ફરી મળ્યું.**

**૧. તારાંકિત પ્રશ્નોત્તરી**

બુધવાર, તા. ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૨૦ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ ૧, ૨, ૩, ૪, ૫ અને ૬ના મૌખિક જવાબ આપવામાં આવ્યા.

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ ૭ થી ૩૩૨ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય બપોરના ૧.૦૦ કલાકે પૂરો થયો.

**૨. શોકદર્શક ઉલ્લેખો**

માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ ગુજરાત રાજયના રાજયકક્ષાના પૂર્વ મંત્રી સ્વ.શ્રી દોલતભાઇ નાથુભાઇ દેસાઇ, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય સ્વ.શ્રી ગોવિંદભાઇ અરજણભાઇ ચૌહાણ અને સ્વ.શ્રી કરમશીભાઇ વીરજીભાઇ પટેલના અવસાન અંગેના શોકદર્શક ઉલ્લેખો કર્યા અને સ્વર્ગસ્થોને અંજલિ આપી.

ત્યારબાદ માનનીય વિરોધપક્ષના નેતાશ્રી પરેશભાઇ ધાનાણી, નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ, સભ્યશ્રી શૈલેષભાઇ પરમાર, મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, મંત્રીશ્રી રમણલાલ પાટકર, સભ્યશ્રી જીતુભાઇ ચૌધરી, મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળિયા, સભ્યશ્રી બ્રિજેશ મેરજા, સભ્યશ્રી કનુભાઇ દેસાઇ, સભ્યશ્રી પિયુષભાઇ દેસાઇ તથા સભ્યશ્રી પ્રદિપભાઇ પરમારે શોકદર્શક ઉલ્લેખોમાં પોતાનો સૂર પૂરાવી શોકાંજલિ આપી.

ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ પણ શોકદર્શક ઉલ્લેખોમાં સૂર પૂરાવ્યો અને સ્વર્ગસ્થોને અંજલિ આપી.

ત્યારબાદ સભ્યશ્રીઓએ ઉભા થઇને બે મિનિટ મૌન પાળ્યું.

ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ સ્વર્ગસ્થોના કુટુંબીજનોને ગૃહની આ લાગણી પહોંચાડવામાં આવશે તેવી જાહેરાત કરી.

**૩. તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ–૧૧૬)**

સભ્યશ્રી પુંજાભાઇ વંશે નિયમ–૧૧૬ અન્વયે ''તાજેતરમાં પાકિસ્તાન મરીન સિક્યુરિટી એજન્સી દ્વારા ભારતીય જળ સીમામાંથી માછીમારોને તેમની બોટ સાથે અપહરણના બનાવો બનતા માછીમારોમાં ફેલાયેલ રોષ અને ચિંતાની લાગણી દૂર કરવા'' અંગેની તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી જવાહરભાઇ ચાવડાએ તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને તેમાંથી ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબો આપ્યા તથા માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ પણ પોતાનું મંતવ્ય વ્યક્ત કર્યું.

**૪. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

નીચેના કાગળો તેની નીચે દર્શાવેલ મંત્રીશ્રીઓએ સભાગૃહના મેજ ઉપર મૂકયા.

(૧) ગુજરાત ડેરી વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૮–૧૯નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સમીક્ષા.

**માનનીય રાજયકક્ષાના પશુપાલન મંત્રીશ્રી બચુભાઇ ખાબડ**

(૨) ગુજરાત ખનીજ વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૮–૧૯નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સમીક્ષા.

**ઉદ્યોગ પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી સૌરભભાઇ પટેલ**

(૩) વિકલાંગ વ્યક્તિઓ માટેના કમિશનરશ્રીના સન ૨૦૧૬–૧૭ અને ૨૦૧૭–૧૮ના વાર્ષિક વહીવટી અહેવાલ તેમજ આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ઈશ્વરભાઈ પરમાર**

(૪) ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમનો સન ૨૦૧૫–૧૬નો વાર્ષિક હિસાબ અને ઓડિટ અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય રાજ્યકક્ષાના વાહન વ્યવહાર મંત્રીશ્રી ઈશ્વરસિંહ પટેલ**

(૫) ગુજરાત રાજ્ય નાણાકીય નિગમનો સન ૨૦૧૮–૧૯નો વાર્ષિક અહેવાલ

**ઉદ્યોગ પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી સૌરભભાઈ પટેલ**

(૬) ગુજરાત જાહેર સેવા આયોગનો સન ૨૦૧૭–૧૮નો વાર્ષિક અહેવાલ, આયોગની સલાહના અસ્વીકારના કિસ્સા માટે સરકારની સ્પષ્ટીકરણાત્મક યાદી તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ**

(૭) ગુજરાત મેરીટાઇમ બોર્ડના સન ૨૦૧૭–૧૮ના વાર્ષિક હિસાબો તેમજ આ હિસાબોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**બંદરો પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી સૌરભભાઈ પટેલ**

**૫. કામકાજ સલાહકાર સમિતિના આઠમા અહેવાલની રજૂઆત**

માનનીય અધ્યક્ષશ્રીએ કામકાજ સલાહકાર સમિતિનો આઠમો અહેવાલ વાંચીને રજૂ કર્યો.

**૬. માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ**

માનનીય સંસદીય બાબતોના રા.ક.ના મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ નીચે મુજબનો પ્રસ્તાવ રજૂ કર્યો.

''આ સભાગૃહ, કામકાજ સલાહકાર સમિતિના આઠમા અહેવાલ સાથે સંમત થાય.''

પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

**૭. ખર્ચના પૂરક પત્રકની રજૂઆત**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલે સન ૨૦૧૯–૨૦૨૦ના વર્ષ માટેના ખર્ચનું પૂરક પત્રક રજૂ કર્યું.

**૮. અંદાજપત્રની રજૂઆત**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલે સન ૨૦૨૦–૨૦૨૧ના વર્ષ માટેનું અંદાજપત્ર પ્રવચન વાંચવાનું શરૂ કર્યું.

**૯. વિરામનો સમય રદ કરવા અંગે**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ સન ૨૦૨૦–૨૦૨૧ના નાણાકીય વર્ષ માટેના અંદાજપત્ર અંગેનું અંદાજપત્ર પ્રવચન વાંચી રહ્યા હતા તે દરમિયાન માનનીય મુખ્ય દંડકશ્રી પંકજભાઈ દેસાઈએ અંદાજપત્ર પ્રવચનનું વાચન ચાલુ રહે તે હેતુથી વિરામનો સમય રદ કરવાનો પ્રસ્તાવ રજૂ કર્યો જેને વિપક્ષના દંડકશ્રીએ સમર્થન આપતાં માનનીય અધ્યક્ષશ્રીએ તદ્અનુસાર સભાગૃહની અનુમતિથી વિરામનો સમય રદ કર્યો.

**૧૦. અંદાજપત્રની રજૂઆત (ક્રમશઃ)**

ત્યારબાદ માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીએ સન ૨૦૨૦–૨૦૨૧ના વર્ષ માટેનું તેમનું અધૂરું રહેલ અંદાજપત્ર પ્રવચન પૂરું કર્યું અને સન ૨૦૨૦–૨૦૨૧ના નાણાકીય વર્ષ માટેનું અંદાજપત્ર ગૃહના મેજ ઉપર મૂક્યું.

**૧૧. માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીની જાહેરાત**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલે અંદાજપત્ર પ્રકાશનોની શાસકપક્ષના સભ્યશ્રીઓને સોફ્ટ કોપી આપવાની અને વિરોધપક્ષના સભ્યશ્રીઓને હાર્ડ કોપી આપવાની જાહેરાત કરી.

**સભાગૃહ, ગુરુવાર તા.૨૭મી ફેબ્રુઆરી, ૨૦૨૦ના રોજ**
**સવારના ૧૦.૦૦ વાગ્યે ફરી મળવા માટે સાંજના ૫.૦૦ વાગ્યે મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**
**તા. ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૨૦**

**ડી.એમ.પટેલ**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**